ક્રમાંક: માવિ.ક/કોશન મની/૨૦૧૮/

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
બનાસકાંઠા,પાલનપુર
તા.૦૮/૦૧/૨૦૧૮

પ્રતિ,
આચાર્યશ્રી,
નોન-ગ્રાન્ટેડ (તમામ શાળાઓ),
જિ.બનાસકાંઠા

વિષય:- કોશન મની (બાંહેધરી ફી) વિદ્યાર્થીને/ વાલીને આપવા અંગે.

સંદર્ભ:- ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના પત્ર ક્રમાંક: મઉમશબ/ શાનિ/૧૯૮૮૫-૯૧૯ તા.૦૫/૦૧/૨૦૧૮ અન્વયે.

ઉપરોક્ત વિષય અને સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે, અત્રેના તાબા હેઠળની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થીઓના પ્રવેશ સમયે કોશન મની (બાંહેધરી ફી) લેવામાં આવે છે. જે સામાન્ય રીતે વિદ્યાર્થી શાળા છોડે ત્યારે પરત કરવાની હોય છે. પરંતુ કેટલીક શાળાઓ દ્વારા આવી કોશન મની (બાંહેધરી ફી) વિદ્યાર્થી/વાલીને પરત ન કરતાં આવા ફંડનો અંગત હેતુ માટે ઉપયોગ કરતા હોવાનું ધ્યાને આવેલ છે. શાળા સંચાલક મંડળે/આચાર્યશ્રીએ વિદ્યાર્થીઓ પાસેથી લીધેલ કોશન મની (બાંહેધરી ફી) વિદ્યાર્થી શાળા છોડે ત્યારે અથવા અભ્યાસ પૂર્ણ થાય ત્યારે શાળા છોડ્યાના પ્રમાણપત્ર (LC) ની સાથે પરત કરવાની રહેશે. આ બાબતની જવાબદારી જે તે શાળાના આચાર્યશ્રીની રહેશે.

વધુમાં જે વિદ્યાર્થીઓએ શાળા છોડી દીધેલ છે. જેની જમા કોશન મની (બાંહેધરી ફી) સંબંધિત વિદ્યાર્થીને દિન-૩૦માં પરત કરી, કરેલ કાર્યવાહીની જાણ અત્રેની કચેરીએ કરવા જણાવવામાં આવે છે.

દરેક શાળાએ ઉપરોક્ત સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવા જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા,પાલનપુર